અનુસૂચિત જાતિના ઇસમોને મરણોત્તર ક્રિયા
માટે નાણાકીય સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: SCW /૧૦૨૦૧૩/૭૮૪૨૫૮/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૮/૮/૨૦૧૪

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૩-૩-૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૬- ન.બા.૨૪- ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા:૧૩/૧/૨૦૧૪નો પત્ર ક્રમાંક: અજાક/મ/૨/૨૦૧૪-૨૯૦.

ઠ રા વ:-

આમુખમાં દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૩-૩-૨૦૦૭ ના ઠરાવથી અનુસૂચિત જાતિના કુટુંબમાં મૃત્યુના પ્રસંગે મૃતકના પાર્થિવદેહની અંત્યેષ્ટિ માટે / મરણોત્તર ક્રિયા માટે નાણાકીય સહાય આપવાની યોજનામાં રૂ.૨૫૦૦/- ની નાણાકીય સહાય આપવામાં આવે છે.

આ અંગે નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ ના વંચાણે લીધા ક્રમાંક: (૨) ના પત્રથી આ સહાયમાં રૂ.૨૫૦૦/- નો વધારો કરી રૂ.૫૦૦૦/- ની નાણાકીય સહાય આપવાની નવી બાબતનો વર્ષ ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી.

પ્રવર્તમાન સંજોગોને ધ્યાનમાં લેતા અનુસૂચિત જાતિના ઇસમોને મરણોત્તર ક્રિયા માટે આપવામાં આવતી સહાયમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૧૪-૧૫માં ૫૦૦૦ લાભાર્થીઓના લક્ષ્યાંક સાથે અનુસુસૂચિત જાતિના ઇસમોને અંત્યેષ્ટિ માટે આપવામાં આવતી રૂ.૨૫૦૦/- સહાયમાં વધારો કરી રૂ.૫૦૦૦/- ની સહાય ની રૂ.૨૫.૦૦ લાખની નવી બાબતને નીચે જણાવેલ શરતોને આધીન આપવાની વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગેની બજેટ જોગવાઇ, માંગણી નં.૯૫- અનુસૂચિત જાતિ પેટા યોજના, મુખ્ય સદર- ૨૨૨૫- અનુ.જાતિ, આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ ૦૧, અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર- ૦૦૧, નિર્દેશ અને વહીવટી, પેટા સદર-(૦૮)- બીસીકે-૬૨ બીજરૂપ અંદાજપત્ર અનુસૂચિત જાતિના લોકોને અંત્યેષ્ટિ માટે નાણાકીય સહાય અંગેના બજેટ હેડ હેઠળ કરેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૪-૬-૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

( દિપલ હડીયલ )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય. ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય. ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, (નિયામકશ્રી(અજાક)મારફત)
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) (નિયામકશ્રી(અજાક)મારફત)
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી(અજાક)મારફત)
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલયં, ગાંધીનગર
સેકશન અધિકારશ્રી(કોમ્પ્યુટર સેલ) સા.ન્યા. અને અ.વિ., વિભાગની વેબસાઇટ ઉપર મૂકવા વિનંતી સંહ.
પસંદગી ફાઇલ.